# આજે ભારત સિરીઝ કબજે કરવા ઉતરશે

**ન્યૂઝીલેન્ડ** ભારતમાં વનડે સિરીઝ જીતી ઈતિહાસ રચવા માગશે

**મેચનું** જીવંત પ્રસારણ સ્પોર્ટસ 18 પર જ્યારે લાઈવ સ્ટ્રીમીંગ જિયોસિનેમા પર બપોરે 1.30 વાગ્યાથી






ઈન્દૌર, તા. 17 (પીટીઆઈ): ઘરેલુ ધરતી પર વનડેમાં અત્યાર સુધી શાનદાર રેકોર્ડ ધરાવતા ભારતને ન્યુઝીલેન્ડ સામે શ્રેણી જીતવા માટે રવિવારે અહીં રમાનારી ત્રીજી અને અંતિમ વનડેમાં ત્રણેય વિભાગમાં સારું પ્રદર્શન કરવું પડશે. હાલમાં ત્રણ મેચોની શ્રેણી 1-1 થી બરાબર છે અને ન્યુઝીલેન્ડની નજર પણ આ શ્રેણી જીતીને ઈતિહાસ રચવા પર છે.

ભારત માર્ચ 2019 પછી પોતાના ઘરેલુ મેદાન પર કોઈ દ્વિપક્ષીય વનડે સિરીઝ હાર્યું નથી, પરંતુ અત્યારે આ રેકોર્ડ દાવ પર લાગ્યો છે. ન્યુઝીલેન્ડ માટે પણ આ મેચ મહત્વની છે કારણ કે તેઓ 1989થી ભારતનો પ્રવાસ કરી રહ્યા છે પરંતુ અહીં ક્યારેય સિરીઝ જીત્યા નથી.

ઈન્દોરના હોલકર સ્ટેડિયમની નાની બાઉન્ડ્રી અને બોલરોને મળતી ઓછી મદદને કારણે ભૂલની શક્યતા ઘણી ઓછી છે. ભારતની સ્પિન બોલિંગ સામે રમવાની ક્ષમતા પર પણ સવાલો ઉઠી રહ્યા છે, કારણ કે બેટ્સમેનો વચ્ચેની ઓવરોમાં સ્ટ્રાઈક રોટેટ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

આ શ્રેણીમાં હજુ સુધી અપેક્ષિત પ્રદર્શન ન કરી શકનારા રોહિત શર્મા પર સૌની નજર રહેશે. તેની આક્રમક શૈલી ભારતની રણનીતિનો હિસ્સો છે પરંતુ વારંવાર જલ્દી આઉટ થવાથી તેના પર દબાણ વધ્યું છે. બીજી તરફ વિરાટ કોહલી ભારતની બેટિંગનો મુખ્ય આધાર રહ્યો છે. ભારતીય ટીમ મેનેજમેન્ટ આ મેચમાં નીતીશ કુમાર રેડ્ડી અને આયુષ બડોનીમાંથી કોને સ્થાન આપે છે તે જોવું રસપ્રદ રહેશે. બડોની મધ્યક્રમનો સારો બેટ્સમેન અને ઓફ સ્પિનર છે જે અહીંની પરિસ્થિતિમાં અનુકૂળ રહી શકે છે.

ભારતીય આક્રમણને મજબૂત કરવા માટે ડાબોડી ફાસ્ટ બોલર અર્શદીપ સિંહનો સમાવેશ ફાયદાકારક સાબિત થઈ શકે છે. તેની સ્વિંગ અને ડેથ ઓવરોમાં યોર્કર નાખવાની ક્ષમતા ભારતને વ્યૂહાત્મક રીતે આગળ રાખશે. સામે પક્ષે ન્યુઝીલેન્ડની ટીમ આત્મવિશ્વાસથી ભરેલી છે અને ડેવોન કોનવે તથા મિચેલ જેવા બેટ્સમેનોથી પાર પામવું ભારત માટે સરળ નહીં હોય. હોલકર સ્ટેડિયમના નાના મેદાન પર બંને ટીમના કેપ્ટનોની રણનીતિ મેચનું પરિણામ નક્કી કરવામાં નિર્ણાયક સાબિત થશે.

### ગિલ પાણી શુદ્ધ કરવા 3 લાખનું પ્યુરિફિકેશન મશીન લઈને આવ્યો

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે શ્રેણીની નિર્ણાયક વનડે મેચ રવિવારે ઈન્દોરમાં રમાવાની છે. ઈન્દોરમાં તાજેતરમાં પ્રદૂષિત પાણીના કારણે સર્જાયેલી સ્થિતિને જોતા ટીમ ઈન્ડિયા અને બીસીસીઆઈ વિશેષ સાવધાની રાખી રહ્યા છે. મળતી માહિતી મુજબ, શુભમન ગિલ પોતાની સાથે આશરે ત્રણ લાખ રૂપિયાનું વિશેષ વોટર પ્યુરિફિકેશન મશીન લઈને આવ્યો છે. આ મશીન આરઓ અને બોટલના પાણીને પણ ફરીથી શુદ્ધ કરવા સક્ષમ છે, જેને ગિલે પોતાના રૂમમાં જ રાખ્યું છે. જોકે, ટીમ મેનેજમેન્ટે આ બાબતે સત્તાવાર માહિતી આપી નથી. હોટેલ અને મેદાન પર શુદ્ધ પાણીની વ્યવસ્થા હોવા છતાં, ખેલાડીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટીમ ખાસ તકેદારી રાખી રહી છે.

# અંડર-19 વર્લ્ડકપ જીતવા ખેલાડીઓએ IPLના વિચારો છોડવા પડશે

બીજી વનડેમાં ન્યુઝીલેન્ડની આસાન જીતે ફરી એકવાર બતાવ્યું છે કે કેવી રીતે આ દેશ, જે ઓછા પ્રચારમાં રહેતા રમતવીરોનો છે, તે ચેમ્પિયન ખેલાડીઓ બનાવવાનું ચાલુ રાખે છે. રગ્બી એ દેશની નંબર વન રમત છે, અને આ રમતના ખેલાડીઓનું સન્માન અન્ય કોઈપણ રમતવીરો કરતાં વધુ કરવામાં આવે છે. છતાં, તે અન્ય રમતો માટે અવરોધ નથી કારણ કે તેઓ વારંવાર અસાધારણ પ્રદર્શન કરવાનું ચાલુ રાખે છે. રગ્બી સિવાયની કોઈપણ રમત મીડિયા અને જાહેર ક્ષેત્રમાં બધી પ્રસિદ્ધિ અને પ્રશંસા રગ્બીને મળે છે તેવો વાંધો ઉઠાવતી નથી અને તેઓ જે રમે છે તેમાં વધુ સારા બનવાનો પ્રયાસ કરવા માટે ફક્ત પોતાના કામમાં લાગેલા રહે છે. કાશ ભારતમાં પણ આવું જ હોત. અહીં જે ક્ષણે બીજી કોઈ રમત મુશ્કેલ વળાંક પર આવે છે, ત્યારે જે કોર્પોરેટ ફંડ અને પ્રેક્ષકોનો ટેકો ક્રિકેટને મળે છે તે તરફ આંગળી ચીંધવામાં આવે છે. જ્યારે રાષ્ટ્રીય પુરસ્કારોની વાત આવે છે ત્યારે પણ, જ્યારે કોઈ વ્યક્તિને એવોર્ડ મળતો નથી ત્યારે તે તેના વિશે ફરિયાદ કરવા કોર્ટમાં જશે અને તે જ સમયે અચૂકપણે ક્રિકેટના માથે દોષ મઢશે.

ભારતમાં ક્રિકેટ સ્વનિર્ભર છે અને તેને અન્ય તમામ રમતોની જેમ સરકારી ભંડોળની જરૂર નથી, જે નાણાકીય સહાય માટે સરકાર પર ખૂબ આધાર રાખે છે. હા, કેટલાક વ્યક્તિગત રમતવીરો કોર્પોરેટ સ્પોન્સરશિપ આકર્ષે છે ખાસ કરીને ઓલિમ્પિક વર્ષ દરમિયાન. જો કે, આ ખૂબ જૂજ અને ક્યારેક જ બને છે. તેથી, કોર્પોરેટ જે રીતે ક્રિકેટ અને ક્રિકેટરોને ટેકો આપવા માટે આગળ વધે છે તે વિશે અન્ય રમતો દ્વારા અનુભવાતી પીડા એક હદ સુધી સમજી શકાય તેવી છે. તે છતાં, અન્ય રમતવીરો માટે થોભવું અને વિચારવું સારું રહેશે કે ક્રિકેટ દ્વારા જે કરવામાં આવ્યું છે તેનાથી તેમની રમતને કેવી રીતે મદદ મળી છે.

આજે, ઘણી બધી અન્ય રમતોમાં પણ આઈપીએલ મોડેલ પર આધારિત પોતાની લીગ છે જ્યાં તે રમતમાં ફ્રેન્ચાઇઝ માલિકો દ્વારા વ્યક્તિગત ખેલાડીઓને ખરીદવામાં આવે છે, આ બધું ઇન્ડિયન પ્રીમિયર લીગની પ્રચંડ, અભૂતપૂર્વ સફળતાને આભારી છે. હવે તે વધારાની આવક છે જે આઈપીએલની સફળતા પહેલા સાંભળી પણ ન હતી. મોટાભાગની લીગ હંમેશા સફળ થતી નથી, કદાચ કારણ કે ફ્રેન્ચાઇઝ માલિકો



**લેઈટ કટ**

- સુનિલ ગવાસ્કર

માટેની કડક સ્ક્રિનિંગ પ્રક્રિયા સમાન નથી. વળી, જો લીગમાં મેચોનો સમય યોગ્ય ન હોય તો ટીવી પરના દર્શકો, જે હોસ્ટ બ્રોડકાસ્ટર્સ, ફ્રેન્ચાઇઝ અને ખેલાડીઓ માટે વધુ વ્યાવસાયિક લાભોમાં પરિવર્તિત થાય છે, તે પૂરતા હોતા નથી. તેમ છતાં, અન્ય રમતોની કેટલીક સારી લીગમાં ભાગ લેનારાઓ માટે એ યાદ રાખવું સારું રહેશે કે તે ક્રિકેટનું આઈપીએલ મોડેલ જ હતું જેણે તેમની લીગ અને તેમના માટે પણ વધારાની આવક ઊભી કરી છે.

ક્રિકેટરો પણ અન્ય રમતોના ઉત્સાહી અનુયાયીઓ છે અને જ્યારે ભારત અથવા કોઈ ભારતીય ખેલાડી ટુર્નામેન્ટ રમી રહ્યો હોય ત્યારે ઉત્તેજના અને આશા હોય છે કે તે ખેલાડી ગૌરવ પ્રાપ્ત કરે.

આઈસીસી અંડર-19 વર્લ્ડકપની વાત કરીએ તો, અગાઉ પાંચ વખત જીત્યા હોવાથી ભારતીય યુવાનો પર ફરી એકવાર ટ્રોફી જીતવાની ઘણી આશાઓ છે. જ્યારે યુવાનોની ક્ષમતા વિશે કોઈ શંકા નથી, ત્યારે તેમની માનસિકતા જ નિર્ણાયક મેચોમાં તફાવત લાવવાની છે. તાજેતરમાં એશિયા કપની ફાઇનલમાં જે જોવા મળ્યું તે એક મોટી નિરાશા હતી. હારને કારણે નહીં, કારણ કે રમતમાં તમે ક્યારેક જીતો છો અને ક્યારેક હારો પણ છો. હારનું અંતર અને જે રીતે હાર થઈ તે નિરાશાજનક હતી. 26 ઓવરમાં આઉટ થઈ જવું એ ક્ષમતા સાથે ન્યાય ન હતો અને એવું લાગતું હતું કે જાણે કોઈને ચિંતા જ ન હોય. કોઈને પણ સનસનાટીભર્યા ખેલાડી કહેવું ખૂબ વહેલું છે, કારણ કે વારંવાર જોવામાં આવ્યું છે કે અંડર-19 ક્રિકેટ અને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટ વચ્ચે મોટો તફાવત છે, આંતરરાષ્ટ્રીય ક્રિકેટની તો વાત જ શું કરવી.

આઈપીએલ રમતા અને આ સીઝનની આઈપીએલ માટે પસંદ કરાયેલા કેટલાક બેટ્સમેનો એવી રીતે બેટિંગ કરી રહ્યા હતા જાણે કે વિરોધી ટીમનો એટેક કંઈ જ ન હોય અને તરત જ ફટકારવાનો પ્રયાસ કર્યો અને પોતાની વિકેટ ગુમાવી. હા, તે એક યુવાન જૂથ છે, બિનઅનુભવી પણ છે અને તેથી જ વરિષ્ઠ ખેલાડી અને માર્ગદર્શક માટે તેમને કહેવું મહત્વપૂર્ણ છે કે બોલિંગ આક્રમણ ભલે ગમે તેવો સાધારણ હોય, એક ભૂલનો અર્થ એ થઈ શકે કે તમે પેવેલિયન પાછા ફરી રહ્યા છો.

ચાલો આશા રાખીએ કે તેઓ આઈપીએલના વિચારો ભૂલી જાય અને હાથમાં રહેલા કામ પર ધ્યાન કેન્દ્રિત કરે અને તે છે ફરી એકવાર ટ્રોફી જીતવી. કરી બતાવો યુવાનો.

# અંડર-19 વર્લ્ડકપ: ભારતે બાંગ્લાદેશને હરાવ્યું

બુલાવાયો (ઝિમ્બાબ્વે), તા. 17 (પીટીઆઈ): અંડર-19 વિશ્વકપની રોમાંચક મેચમાં ભારતે બાંગ્લાદેશને ડકવર્થ લુઈસ નિયમ મુજબ 18 રને હરાવી સતત બીજી જીત મેળવી છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરતા ભારતે 49 ઓવરમાં 238 રન બનાવ્યા હતા, જેમાં અભિજ્ઞાન કુંડુએ 80 રન અને વૈભવ સૂર્યવંશીએ 72 રનની મહત્વની ઈનિંગ રમી હતી.

બાંગ્લાદેશ તરફથી અલ ફહાદે તરખાટ મચાવતા 5 વિકેટ ઝડપી હતી. વરસાદના કારણે રમત ખોરવાતા બાંગ્લાદેશને 29 ઓવરમાં 165 રનનો સુધારેલો લક્ષ્યાંક મળ્યો હતો.

એક સમયે બાંગ્લાદેશ 20 ઓવરમાં 102 રન બનાવી મજબૂત સ્થિતિમાં હતું, પરંતુ ઓફ સ્પિનર વિહાન મલ્હોત્રાની ઘાતક બોલિંગે મેચનું પાસું પલટી નાખ્યું હતું. મલ્હોત્રાએ માત્ર 14 રન આપીને 4 મહત્વની વિકેટો ઝડપી બાંગ્લાદેશના મધ્યક્રમને વેરવિખેર કરી દીધો હતો. બાંગ્લાદેશની ટીમ 28.3 ઓવરમાં 146 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ જીત સાથે ભારત ગ્રુપ-બીમાં 4 પોઈન્ટ સાથે ટોચ પર પહોંચ્યું છે.

### બંને ટીમના કેપ્ટનોએ હાથ ન મિલાવ્યા

બુલાવાયો (ઝિમ્બાબ્વે), તા. 17 (પીટીઆઈ): ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના વણસેલા રાજકીય સંબંધોની અસર ક્રિકેટના મેદાન પર જોવા મળી છે. શનિવારે આઈસીસી અંડર-19 વર્લ્ડકપની ગ્રુપ-એ મેચ પૂર્વે બંને ટીમના કેપ્ટનોએ હાથ મિલાવ્યા ન હતા. ભારતનો કેપ્ટન આયુષ મ્હાત્રે અને બાંગ્લાદેશનો વાઈસ-કેપ્ટન જવાદ અબરાર ટોસ માટે આવ્યા, ત્યારે સિક્કો ઉછાળતા પહેલા કે પછી તેમણે એકબીજા સાથે હાથ મિલાવવાનું ટાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે એશિયા કપથી ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ આ પ્રકારની નીતિ ચાલી રહી છે. પાડોશી દેશમાં લઘુમતીઓ પરના અત્યાચારના વિરોધમાં ભારતમાં અનેક સ્થળે બાંગ્લાદેશ વિરોધી રેલીઓ યોજાઈ છે, જેના પગલે હાલમાં બંને દેશો વચ્ચે ક્રિકેટ સંબંધો પણ ખરાબ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે. જોકે બીસીબીએ બાદમાં કહ્યું હતું કે હાથ ન મિલાવવામાં આવ્યો તે ઈરાદાપૂર્વક કરાયું ન હતું.

# કોહલી સહિત ભારતીય ટીમે મહાકાલના દર્શન કર્યા





ઉજ્જૈન, તા. 17: ઈન્દોરમાં ન્યુઝીલેન્ડ સામેની નિર્ણાયક વનડે પહેલા ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ અવાર નવાર મંદિરોના દર્શને જતા હોય છે. સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને સ્પિનર કુલદીપ યાદવ શનિવારે વહેલી સવારે ઉજ્જૈનના શ્રી મહાકાલેશ્વર મંદિરમાં 'ભસ્મ આરતી'માં ભાગ લઈને મહાદેવના આશીર્વાદ લીધા હતા.

સોશિયલ મીડિયા પર આ બંનેની તસવીરો ખૂબ વાયરલ થઈ હતી. માત્ર વિરાટ જ નહીં, કોચ ગૌતમ ગંભીર અને રાજકોટમાં શાનદાર સદી ફટકારનાર કે લ રાહુલ સહિત ભારતીય ટીમના અન્ય ખેલાડીઓ પણ મહાકાલના દર્શને ગયા હતા. ભારતીય ટીમ હંમેશા આસ્થાવાન રહી છે. સુનિલ ગાવસ્કર, કપિલ દેવ, સચિન તેંડુલકર અને એમ એસ ધોની જેવા દિગ્ગજો પણ મહત્વની મેચો પહેલા અવારનવાર તીર્થસ્થળોની મુલાકાત લેતા રહ્યા છે.

# WPL: યુપી વોરિયર્સનો વિજય

નવી મુંબઈ, તા. 17 (પીટીઆઈ): કેપ્ટન મેગ લેનિંગ (70) અને ફોબી લિચફિલ્ડની (61) અડધી સદી અને બીજી વિકેટ માટે 119 રનની ભાગીદારી, તેમજ શાનદાર બોલિંગ પ્રદર્શનની મદદથી યુપી વોરિયર્સે શનિવારે અહીં મહિલા પ્રીમિયર લીગની (WPL) મેચમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સને 22 રનથી હરાવીને તેમનો સતત બીજો વિજય મેળવ્યો.

લેનિંગની આગેવાની હેઠળની યુપી વોરિયર્સે આઠ વિકેટે 187 રન બનાવ્યા. જવાબમાં, મુંબઈ ઈન્ડિયન્સ 20 ઓવરમાં 6 વિકેટે માત્ર 165 રન જ બનાવી શક્યું.

# વિજય હજારે ફાઈનલ: સૌરાષ્ટ્ર અને વિદર્ભ વચ્ચે રોમાંચક મેચની અપેક્ષા

બેંગ્લુરૂ, તા. 17 (પીટીઆઈ): બીસીસીઆઈ સેન્ટર ઓફ એક્સેલન્સના મેદાન પર રવિવારે વિજય હઝારે ટ્રોફીની ફાઈનલમાં સૌરાષ્ટ્ર અને વિદર્ભ વચ્ચે રોમાંચક જંગ ખેલાશે. વિદર્ભ પોતાનું ત્રીજું જ્યારે સૌરાષ્ટ્ર પ્રથમ ખિતાબ જીતવા માટે મેદાનમાં ઉતરશે. બંને ટીમો કાગળ પર સમાન મજબૂત જણાય છે.

સૌરાષ્ટ્ર માટે કેપ્ટન હાર્વિક દેસાઈ 561 રન સાથે ફોર્મમાં છે, જ્યારે સેમીફાઈનલના સદી ફટકારનાર વિશ્વરાજ જાડેજા પાસેથી ફરી મોટી ઈનિંગની અપેક્ષા છે. બીજી તરફ વિદર્ભ પાસે ટુર્નામેન્ટના ટોપ સ્કોરર અમન મોખાડે (781 રન) અને ધ્રુવ શોરેની મજબૂત જોડી છે.

# આરસીબીએ દિલ્હીને હરાવ્યું

નવી મુંબઈ, તા. 17 (પીટીઆઈ): રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે (RCB) મહિલા પ્રીમિયર લીગમાં પોતાનું શાનદાર પ્રદર્શન જાળવી રાખતા દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવી સતત ચોથી જીત મેળવી છે. દિલ્હીએ પ્રથમ બેટિંગ કરતા શેફાલી વર્માના 62 રનની મદદથી 166 રન બનાવ્યા હતા. જવાબમાં આરસીબીની કેપ્ટન સ્મૃતિ મંધાનાએ વિસ્ફોટક બેટિંગ કરતા 61 બોલમાં 96 રન ફટકાર્યા હતા. મંધાના અને જ્યોર્જિયા વોલે (54 રન) ટીમને 10 બોલ બાકી રહેતા એકતરફી વિજય અપાવ્યો હતો.

# ઓસ્ટ્રેલિયન ઓપનનો પ્રારંભ: સિનર અને અલ્કારાઝ ફેવરીટ

**મહિલા** સિંગલ્સમાં વિશ્વની નંબર વન ખેલાડી એરિના સબાલેન્કા પ્રબળ દાવેદાર

મેલબોર્ન, તા. 17: વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપનનો પ્રારંભ રવિવારથી મેલબર્ન પાર્ક ખાતે થવા જઈ રહ્યો છે. આ વખતે ટુર્નામેન્ટમાં અનુભવ અને યુવાની વચ્ચેનો રોમાંચક જંગ જોવા મળશે. પુરુષ સિંગલ્સમાં નોવાક જોકોવિચ પોતાના 25મા ગ્રાન્ડ સ્લેમ ખિતાબની શોધમાં છે. જોકે, તેની રાહ આસાન નથી, કારણ કે છેલ્લા બે વર્ષના ચેમ્પિયન યાનિક સિનર અને સ્પેનિશ સ્ટાર કાર્લોસ અલ્કારાઝ શાનદાર ફોર્મમાં છે. સિનર પોતાની હેટ્રિક પૂરી કરવા ઈચ્છશે, જ્યારે અલ્કારાઝ અહીં જીત મેળવીને પોતાનું કરિયર ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કરવા માટે મેદાનમાં ઉતરશે. મહિલા સિંગલ્સમાં વિશ્વની નંબર વન ખેલાડી એરિના સબાલેન્કા પ્રબળ દાવેદાર માનવામાં આવે છે. એરિનાએ અગાઉ અહીં પ્રભુત્વ જાળવ્યું છે અને તેની નજર વધુ એક ખિતાબ પર રહેશે. તેને ઈગા સ્વીટેક અને એલિના સ્વિતોલિના જેવા ખેલાડીઓ તરફથી કડો પડકાર મળી શકે છે. ખાસ કરીને સ્વિતોલિના માનસિક સ્વાસ્થ્ય માટે લીધેલા બ્રેક બાદ જીત સાથે વાપસી કરી રહી હોવાથી આકર્ષણનું કેન્દ્ર રહેશે. 15 દિવસ સુધી ચાલનારા આ ટેનિસ મહાકુંભમાં વિશ્વના શ્રેષ્ઠ ખેલાડીઓ વચ્ચે ટ્રોફી માટે જોરદાર ટક્કર જોવા મળશે.

# બાંગ્લાદેશની તેનું ગ્રુપ બદલવાની માગ

**આઈસીસી** દ્વારા બાંગ્લાદેશની આ માગ સ્વીકારવામાં આવે તેવી શક્યતા ઓછી છે

ઢાકા, તા. 17 (પીટીઆઈ): બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે (બીસીબી) શનિવારે આઈસીસી પાસે માંગ કરી છે કે ટી-20 વર્લ્ડકપ 2026માં તેને ભારતને બદલે શ્રીલંકાના ગ્રુપમાં સામેલ કરવામાં આવે. હાલમાં બાંગ્લાદેશ ગ્રુપ-સીમાં છે અને તેની મેચો કોલકાતા અને મુંબઈમાં યોજાવાની છે. બાંગ્લાદેશે વિનંતી કરી છે કે તેને ગ્રુપ-બીમાં આયર્લેન્ડની જગ્યાએ મૂકવામાં આવે, જેથી તે પોતાની મેચો કોલંબો અને પલ્લેકેલેમાં રમી શકે.

ભારતમાં સુરક્ષા વ્યવસ્થા અંગે ચર્ચા કરવા આઈસીસીની બે સદસ્યની ટીમ ઢાકા પહોંચી હતી. આઈસીસીમાં વરિષ્ઠ અધિકારી ગૌરવ સક્સેના અને એનડ્રુ એફગ્રેવનું પ્રતિનિધિમંડળ બાંગ્લાદેશ ગયા હતા જોકે ગૌરવને વિઝા ન મળતા તેઓ ઓનલાઈન બેઠકમાં હાજર રહ્યા હતા.

# જોકોવિચને 25મો ગ્રાન્ડ સ્લેમ જીતવાનો વિશ્વાસ

મેલબોર્ન, તા. 17 (એપી): નોવાક જોકોવિચને હજુ પણ પૂરો વિશ્વાસ છે કે તે પોતાનું 25મું સિંગલ્સ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ જીતવામાં સફળ રહેશે. તેને આશા છે કે ઓસ્ટ્રેલિયન ઓપનમાં કાર્લોસ અલ્કારાઝ અને યાનિક સિનર તરફથી મળનારા પડકારને તે પાર કરી જશે. જોકોવિચ ગયા વર્ષે ચારેય ગ્રાન્ડ સ્લેમની સેમીફાઈનલમાં પહોંચ્યો હતો, પરંતુ તે આ બંને યુવા ખેલાડીઓ સામે હારી ગયો હતો. વર્ષના પ્રથમ ગ્રાન્ડ સ્લેમમાં પણ આ બંને ખેલાડીઓ તેની રાહમાં સૌથી મોટો અવરોધ બની શકે છે. જોકોવિચ પોતાના 25માં ખિતાબની શોધમાં ત્રીજી સીઝન શરૂ કરી રહ્યો છે. તેણે છેલ્લે 2023માં અમેરિકન ઓપન જીત્યું હતું, ત્યારબાદ સિનર અને અલ્કારાઝે મળીને આઠ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યા છે.

સિનર ઓસ્ટ્રેલિયન ઓપનમાં છેલ્લા બે વખતનો ચેમ્પિયન છે, જ્યારે અલ્કારાઝ મેલબર્ન પાર્કમાં જીત મેળવીને કરિયર ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# પીટીવીએ સૌથી ઓછા સ્કોરનો બચાવ કરવાનો રેકોર્ડ તોડ્યો

કરાચી, તા. 17 (પીટીઆઈ): પાકિસ્તાન ટીવીએ (પીટીવી) પ્રેસિડેન્ટ્સ ટ્રોફીમાં પ્રથમ શ્રેણીના ક્રિકેટ ઈતિહાસમાં સૌથી ઓછા સ્કોરનો સફળતાપૂર્વક બચાવ કરીને 232 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. પીટીવીએ સુઈ નોર્ધર્ન ગેસ સામે માત્ર 40 રનના લક્ષ્યાંકનો બચાવ કરીને રેકોર્ડ બુકમાં પોતાનું નામ નોંધાવ્યું છે. આ રોમાંચક મેચમાં પીટીવીએ માત્ર 2 રનથી જીત મેળવી હતી. અગાઉ 1794માં લોર્ડ્સમાં ઓલ્ડફિલ્ડ ટીમે એમસીસી સામે 41 રનનો બચાવ કરીને છ રનથી જીત મેળવી હતી, જે અત્યાર સુધીનો રેકોર્ડ હતો.

# ચિન્નાસ્વામીમાં મેચો રમાડવાની મંજૂરી

**આરસીબીએ** સ્ટેડિયમમાં રૂ. 4.50 કરોડના ખર્ચે 300થી 350 જેટલા એઆઈ કેમેરા લગાવવાનો પ્રસ્તાવ પણ મૂક્યો

બેંગ્લુરૂ, તા. 17 (પીટીઆઈ): કર્ણાટક રાજ્ય ક્રિકેટ સંઘને શનિવારે રાજ્યના ગૃહ વિભાગ તરફથી એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય અને આઈપીએલ મેચો યોજવાની મંજૂરી મળી ગઈ છે. સરકારી ટાસ્ક ફોર્સના અહેવાલ બાદ આ મંજૂરી આપવામાં આવી છે, જેમાં સ્ટેડિયમની સુરક્ષા વ્યવસ્થાને સંતોષકારક ગણાવવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### BMC ચૂંટણી...

પર જીત મેળવી છે. બહુમતીનો આંકડો 114 છે. ભાજપને મેયર બનાવવા માટે વધુ 25 કોર્પોરેટરોની જરૂર પડશે. સૂત્રોએ જણાવ્યું કે શિંદે જૂથ અને અજીત પવાર જૂથને જેટલી આશા હતી, પરિણામ તેવું આવ્યું નથી. બંને ડેપ્યુટી સીએમ પોતાની પાર્ટીઓની બેઠકો ઓછી આવવાને કારણે ભાજપથી નારાજ છે. શનિવારે મહારાષ્ટ્ર સરકારની કેબિનેટ બેઠકમાં પણ બંને નાયબ મુખ્યમંત્રીઓ ગયા નહોતા. શિવસેના તરફથી કહેવામાં આવ્યું કે શિંદે બીમાર છે.

### જો શિવસેનાના...

તેમની 94 બેઠકોની સંખ્યા ભાજપની 89 બેઠકો કરતા વધી ગઈ હોત. અને જો તેઓ કોંગ્રેસ જેવા પક્ષ સાથે જોડાણ કરત, તો તેનો અર્થ બહુમતી થાત. શિવસેના (UBT) નેતા સુનિલ પ્રભુએ કહ્યું છે કે ભાજપની જીત માત્ર એટલા માટે શક્ય બની કારણ કે તેમણે શિવસેનાના ભાગલા પાડ્યા. કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા સંજય ઝાએ પણ 'X' પર એક પોસ્ટમાં આ જ સિદ્ધાંતનો પડઘો પાડતા નોંધ્યું હતું કે બંને શિવસેનાની સંયુક્ત તાકાત હજુ પણ પ્રબળ છે.

### ટ્રમ્પની ધમકીઓ...

અને ગ્રીનલેન્ડ પહેલેથી જ મહાન છે. તેમના ટેકામાં સ્વાયત્ત ગ્રીનલેન્ડ ટાપુના કબજેદાર દેશ ડેન્માર્કમાં પણ અનેક રેલીઓ નિકળી હતી જેમાં હજારો લોકો જોડાયા હતા.

ડેનિશ સંરક્ષણ મંત્રાલય દ્વારા શુક્રવારે જાહેર કરવામાં આવેલી વિડિયો ક્લિપ અનુસાર, ડેનિશ F-35 ફાઇટર જેટ્સ અને ફ્રેન્ચ MRTT ટેન્કર વિમાને દક્ષિણ-પૂર્વ ગ્રીનલેન્ડ પર 'એર-ટુ-એર રિફ્યુલિંગ' (હવામાં જ ઇંધણ ભરવાની) કવાયત કરી હતી. ડેનિશ સશસ્ત્ર દળોના જણાવ્યા અનુસાર, આ મિશન યુરોપિયન સહયોગીઓ સાથે આર્કટિક ક્ષેત્રમાં વધારવામાં આવેલી સૈન્ય કામગીરીનો એક ભાગ છે. તેનો મુખ્ય હેતુ લાંબા અંતરનું ઉડ્ડયન અને ધ્રુવીય પ્રદેશોની કઠોર પરિસ્થિતિઓમાં સુરક્ષિત રીતે કામગીરી કરવા પર કેન્દ્રિત હતો. ડેન્માર્કની વિનંતીને પગલે કેટલાક યુરોપિયન દેશોએ થોડા સૈનિકો પણ ગ્રીનલેન્ડ મોકલ્યા છે. બીજી બાજુ, અમેરિકી પ્રમુખ ટ્રમ્પે આજે ધમકી આપી હતી કે ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાનો વિરોધ કરતા ૮ યુરોપિયન દેશો પર ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ ટેરિફ પહેલી ફેબ્રુઆરીથી અમલી બનશે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ડેનમાર્ક, નોર્વે, સ્વીડન, ફ્રાન્સ, જર્મની, યુનાઇટેડ કિંગડમ, નેધરલેન્ડ અને ફિનલેન્ડ પર ટેરિફ લાદવામાં આવશે, અને જો અમેરિકા દ્વારા ગ્રીનલેન્ડની સંપૂર્ણ ખરીદી માટે કોઈ સમજૂતી ન થાય, તો તે 1 જૂને વધારીને 25 ટકા કરવામાં આવશે.

### ભારત પાસે...

ડેન્સ અને નોર્થ ડાકોટાના કેવિન ક્રેમરે જણાવ્યું હતું કે તેમના રાજ્યો વટાણા સહિતના કઠોળ પાકના ટોચના બે ઉત્પાદકો છે, જ્યારે ભારત વિશ્વનો સૌથી મોટો ઉપભોક્તા દેશ છે, જે વૈશ્વિક વપરાશમાં આશરે ૨૭ ટકા હિસ્સો ધરાવે છે. તેમણે નોંધ્યું હતું કે ભારતમાં મસૂર, ચણા, સૂકા કઠોળ અને વટાણા એ સૌથી વધુ વપરાતા કઠોળ પાકોમાં સામેલ છે, પરંતુ નવી દિલ્હીએ આ શ્રેણીઓમાં અમેરિકન નિકાસ પર ભારે ટેરિફ લાદ્યા છે. સેનેટરોએ ધ્યાન દોર્યું હતું કે ભારતે ગયા વર્ષે ૩૦ ઓક્ટોબરે પીળા વટાણા પર ૩૦ ટકા ટેરિફની જાહેરાત કરી હતી, જે ૧ નવેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવી હતી.

પત્રમાં જણાવાયું છે કે, અન્યાયી ભારતીય ટેરિફના પરિણામે, યુએસ કઠોળ ઉત્પાદકો જ્યારે તેમની ઉચ્ચ-ગુણવત્તાવાળી પેદાશો ભારત મોકલે છે ત્યારે નોંધપાત્ર સ્પર્ધાત્મક ગેરફાયદાનો સામનો કરે છે.

### કઠોળ પર...

અમેરિકી ટેરિફનો બદલો લીધો છે. ભારતે આયાતી કઠોળ પર ટેરિફ વધારીને 30% કરી દીધા છે, જે ઓક્ટોબર 2025 થી અમલમાં આવ્યા છે, તેમ લેખક અને ભૂરાજકીય નિષ્ણાત નવરૂપ સિંહે ટ્વીટ કર્યું હતું. એક X (ટ્વિટર) વપરાશકર્તાએ કહ્યું, આપણે ચૂપચાપ વળતો પ્રહાર કર્યો છે.

### ઇરાને વ્યાપારી...

સુરક્ષિત હોવાની ખાતરી આપી હતી. પોતાનો ફોન ખોવાઈ ગયા બાદ કેતન તેના સાથીદાર અને ઓઈલર પોથી દિવાકર દ્વારા તેના માતા-પિતાના સંપર્કમાં હતો. પાછળથી પરિવારને દિવાકર પાસેથી જાણવા મળ્યું હતું કે કેતન સહિત ૧૦ ક્રૂ મેમ્બર્સની ઈરાની સત્તાવાળાઓ દ્વારા સત્તાવાર રીતે ધરપકડ કરવામાં આવી છે. આ જહાજ દુબઈ ખાતેની એક કંપની દ્વારા ઓપરેટ કરવામાં આવતું હતું જ્યારે તેના પર ડઝનથી વધુ કર્મચારીઓ ભારતીયો હતા.

જહાજ પર સવાર ૧૬ ભારતીય ક્રૂ મેમ્બર્સના પરિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાત્કાલિક રાજદ્વારી હસ્તક્ષેપ માટે સીધી અપીલ કરી છે. કેતનના પિતા મુકેશ મહેતાએ જણાવ્યું હતું કે પરિવારે વિદેશ મંત્રાલય અને તેહરાનમાં ભારતીય દૂતાવાસનો સંપર્ક કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે વિદેશ મંત્રાલયે કેતનના પાસપોર્ટની વિગતો માંગી હતી જે તાત્કાલિક પૂરી પાડવામાં આવી હતી, પરંતુ ત્યારપછી કોઈ નવી અપડેટ કે આશ્વાસન મળ્યું નથી. મીડિયા અહેવાલો મુજબ, તેહરાનમાં ભારતીય દૂતાવાસે અટકાયત કરાયેલા ક્રૂ માટે કોન્સ્યુલર એક્સેસ (રાજદ્વારી સંપર્ક)ની માંગ કરી છે, જોકે હજુ સુધી તે મંજૂર કરવામાં આવી નથી.

### બાંગ્લાદેશમાં પેટ્રોલ...

વર્ષીય રિપન સાહા તરીકે થઈ છે. ઘટના સમયે તે ગોઆલંદા મોર સ્થિત કરીમ ફિલિંગ સ્ટેશન પર કામ કરી રહ્યો હતો.

ન્યૂઝ પોર્ટલ bdnews24.com દ્વારા રાજબારી સદર પોલીસ ચીફ ખોન્ડાકર ઝિયાને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે અમે હત્યાનો ગુનો દાખલ કરીશું. ઈંધણના પૈસા ચૂકવવાનો ઈન્કાર કર્યા બાદ કામદાર કારની સામે ઊભો રહી ગયો હતો, અને તેઓ તેને કચડીને ભાગી ગયા હતા.

પોલીસ અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, શુક્રવારે સવારે 4:30 વાગ્યાની આસપાસ એક કાળી SUV ફિલિંગ સ્ટેશન પર આવી હતી અને અંદાજે 5,000 ટાકા (આશરે રૂ. 3,710)નું ઈંધણ પુરાવ્યું હતું. જ્યારે ડ્રાઈવરે પૈસા ચૂકવ્યા વિના જવાનો પ્રયાસ કર્યો ત્યારે સાહાએ વાહનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. કારે તેને કચડી નાખ્યો અને ઝડપથી ભાગી ગઈ, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસે બાદમાં વાહન જપ્ત કર્યું હતું અને તેના માલિક અબુલ હાશેમ ઉર્ફે સુજન (55) અને તેના ડ્રાઈવર કમલ હુસૈન (43)ની ધરપકડ કરી હતી.

## આજનું પંચાંગ

**તા. 18/01/2026, રવિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** પૌષ
**તિથિ:** વદ, અમાસ : 25:22 **અયન :** ઉત્તરાયન **ઋતુ :** શિશિર
**રાષ્ટ્રિય દિનાંક :** પૌષ: 28
**નક્ષત્ર :** પૂ.ષા.:10:15 પછી ઉ.ષા.
**યોગ :**હર્ષલ **કરણ:** ચર
**રાશિ:** ધન (ભ.ધ.ફ.ઢ.) 16:42 પછી મકર (ખ.જ.)
**દિવસ :** અશુભ
**સુરતમાં સૂર્યોદય :** 07:20 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:18 **નવકારસી :** 08:08
**પારસી વર્ષ :** 1395, શેહરેવર માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 રજ્જબ માસનો 28મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
**રાત્રિનાં ચોઘડિયાં:** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ
**રાહુ કાળ :** સાંજે : 16:30 થી 18:00 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** શુભ સમાચાર મળે. પ્રવાસ, સાહિત્ય, લેખન, પ્રકાશન, કાયદા કાનૂન, શિક્ષણને લગતાં કામમાં લાભ થાય.

**વૃષભ (બ,વ,ઉ,):** ખાવા-પીવાના શોખીન અને સૌર વિહારીઓની તબિયત અચાનક બગડી શકે છે. ખર્ચાળ દિવસ.

**મિથુન (ક,છ,ઘ,):** વાણી પર કાબૂ રાખવો. રોજના કામમાં રાહત રહે. ઘરમાં અવર-જવરથી અશાંતિ વધે.

**કર્ક (ડ,હ,):** રોમેન્ટીક અને શોખીન લોકોએ વ્યવહારમાં સાવધાની રાખવી. હરીફોથી નુકસાન થઇ શકે છે.

**સિંહ (મ,ટ,):** પ્રેમમાં વધુ પડતા આસક્ત અને લાગણીશીલ બનવાથી ગેરસમજ થાય. મિત્રોનો સાથ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** વડીલો અને મિત્રો સાથે સામાજિક પ્રવૃત્તિ થાય. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય.

**તુલા (ર,ત,):** ઉચ્ચ શિક્ષણ બાબતે મદદ મળે. નોકરી અને ધંધા માટે નવી તક મિત્રોની મદદથી ઊભી થાય.

**વૃશ્ચિક (ન,ય,):** ખર્ચા વધે. ઘરમાં અશાંતિ રહે. ખાણી-પીણીના ધંધામાં આવક વધે. વિવાદ ટાળવો.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** દોડ-ધામ વધે. સમાજ અને પરિવારના કામની ચિંતા સતાવે. જાહેર જીવનમાં યશ મળે.

**મકર (ખ,જ,):** જાહેર અને સમાજ જીવનમાં સાવધાની રાખવી. બદનામી મળી શકે છે. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સ્વાર્થી અને ઇર્ષાળુ મિત્રોથી સાવધાન. જીવન સાથી સંતાનો સાથે મનોરંજન થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** આવક વધારવાની યોજના બને. સમાજજીવનમાં સાવધાન રહેવું. મિલકતને લગતા કામ થાય.

### કોઈ પણ સાલમાં 18 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધા-વ્યવસાયમાં નવા ફેરફારથી નવી તક અને જવાબદારી સાથે પ્રગતિ અને દોડધામ, કાર્યબોજ વધશે. આરોગ્ય નરમ ગરમ રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં કાયદાકીય પ્રશ્નો સતાવે. સમાજમાં સામાન્ય રહે. પરિવારની અપેક્ષા વધે. ઊંમરલાયકના વિવાહ થાય. આધુનિક ટેક્નોલોજીનો લાભ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં ચડતી-પડતી રહે. આર્થિક બાબતે સામાન્ય રહે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને ભાઇનો સાથ મળે. મિત્રો-વડીલો વધારાના કામ અને આવક બાબતે મદદરૂપ બનશે. સંતાનોના કામમાં પ્રગતિ થાય. વર્ષ દરમિયાન માર્ચ-એપ્રિલ, ઓક્ટોબર નવેમ્બર મંગળ-ગુરુવાર અને તા. 9, 18, 27 અનુકૂળતાનો અનુભવ વધશે. ડિસેમ્બર-જાન્યુઆરી તા. 8,17, 26 બુધ શનિવારે ધીરજ રાખવી નવાં કામ ટાળવાં લાલ રંગ વાપરતા રહેવું. સફેદ-ભૂરા રંગથી બચવું. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળશે.

## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

### પેશાબ ની તકલીફ

પેશાબમા બળતરા, અટકવું મા ગળોનો સ્વ રસ ત્રીસ મીલી, ચમચી મધ નાખી પીવો. બકાન લીમડા ની મીંજ વાટી, બે ચમચી ચૂર્ણ મધ સાથે લેવું. ત્રિફલા ચૂર્ણ પણ બે ચમચી, મધ સાથે લેવું.